# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

દેશના દ્રોહી, આ અમીચંદો, ખૂટલ હોય છે
ફરજમાં સમજતા નથી, ફૂટલ હોય છે
ચૂંટે છે આવા લાલચીઓને જાસૂસી માટે
માથાં ફરેલાઓનાં દિવસ ઉઠેલ હોય છે.
(મંત્રાલયમાં જાસૂસી)

## હાઈકુ

રમે છે ખો-ખો
આપે દેશને સસ્તું -
મનોરંજન -
(બિહારનું રાજકારણ)

સત્તા ને કાજે,
કરશે સમજૂતિ -
આતંક સાથે..
(કાશ્મીરમાં સરકાર)

## ચિંતન

**લક્ષ્મી નિર્વૃત્તિમેતિ હીન ચરિત્રૈ રેવ તચ્છિશ્રયા કિં નદ્યૈવ કરોમિ તામ અનુચરી રામાં સકામા મિવ ।**
**બ્રહ્માંડે નિપતત્યાપ સ્ખલાતિ ન પ્રાણેય યષા મનસ્તેષામાર્ય મન સ્વિના મનુપદં ગન્તાસ્મિ નાહં યદિ ॥**

આ શ્લોકમાં સદાચાર અને ગુણવાન સજ્જનોનું મહત્ત્વ દર્શાવ્યું છે. દુરાચાર અને કૌભાંડોથી લક્ષ્મીવાન તો કોઇ પણ થઇ શકે છે.

'બ્રહ્માંડ તૂટી પડે તો પણ જેમનું મન ચલિત થતું નથી. (મેરૂ તો ડગે પણ જેનાં મનડાં ડગે નહિં પાનબાઇ) તેવા આર્ય મનસ્વી-મક્કમ પુરુષોને અનુસરવાનું છોડી દઇને - જે હીન ચરિત્રવાળા દુષ્ટ-દુરાચારી કૌભાંડી પુરુષોથી લક્ષ્મી પ્રસન્નતા પામે છે. અને લક્ષ્મીપતિ થાય છે તે તેમની પેઠે ચાલીને તેમનાં જેવા કર્મોને અનુસરીને હું પણ એ જ રસ્તે ચાલવા લાગું તો હું પણ લક્ષ્મીને કામૂક સ્ત્રીની પેઠે આજે જ ગુલામ-દાસી બનાવી શકું છું અર્થાત પરંતુ મારે એવા કુમાર્ગે ચાલીને ધનવાન થવું નથી.'

આજે કૌભાંડો-ખોટું કરીને-છળકપટ અને દુષ્કર્મો દ્વારા, લૂંટ-ચોરી, ખૂનખરાબા-દગાબાજી દ્વારા માણસ સરળતાથી સંપત્તિવાન થઇ જાય છે એના પ્રત્યુત્તરમાં વિદ્વાન-બુદ્ધિમાન-જાગૃત નાગરિક-કહે છે આવા રસ્તા અપનાવીને તો અમે પણ કરોડો અબજોપતિ થઇ શકીએ કારણ અમારામાં તમારા કરતાં તો બુદ્ધિ-સમજ વધારે જ છે!! પણ અમારે તમારો એ માર્ગ અપનાવવો નથી.

## સુવિચાર

- પોતાની પત્નીનું અપહરણ કરનાર રાવણ સાથે સંગ્રામ કરનાર 'રામ'ના ચરિત્રને તેમ ન્યાય નહીં આપો શકો!! એમની ઉગ્રતામાં પણ નમ્રતા હતી અને 'નમ્રતા'માં ન્યાય માટેની ઉગ્રતા - પૂજ્ય મોટા
- અછતની છત માણસને ઘડનારી મોટી 'વર્કશોપ' છે. એમાં નહીં ઘડાવાની દાનત રાખનાર રંક રહે છે - ગુણવંત શાહ
- પરાજય કમનસીબી નથી, પણ મોટાં સાધનો અખત્યાર કરીને મેળવેલી જીત એ કમનસીબી છે.. કારણ કે એવી જીત એ ભાવિ પરાજયનો પાયો રચતી હોય છે - ડો. ચંદ્રકાન્ત મહેતા
- જગતને 'જળ' રહેવા દેવાને બદલે આપણે એને 'જાળ' બનાવી દીધું છે- જનકલ્યાણ
- આ લોકથી થાકેલા-હારેલા માણસને પરલોકનો ભય દેખાડી 'પડેલાને પાટું' મારવાની પ્રક્રિયાને આપણે 'ધર્મ' કહીશું કે 'અધર્મ' - રજનીશ
- જગતના લોકો ઉપર એક રતીભાર પણ પ્રેમ હોય તો તમને હું એક વ્રત લેવાની વિનંતી કરું છું.. 'હું લાચાર રહીશ નહીં અને બીજાને લાચાર બનાવીશ નહીં..' આ પણ એક મહાવ્રત છે - સુધીર દેસાઇ
- તર્કના ચિપિયાથી બધું જ પકડાય ઇશ્વર કદી નહીં - સુરેશ દલાલ

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

આપણી પ્રાર્થનાઓ પણ સંકુચિત સ્વાર્થવૃત્તિની હોય છે. એમાં આપણે ભગવાનના, પ્રકૃતિ અને કુદરતના કાયદા પણ બદલાવી નાખવાની પ્રાર્થના કરીએ છીએ દા.ત. લગ્નપ્રસંગ હોય અને આંગણે માંડવો-જમણવાર હોય તો 'પરજન્ય યજ્ઞ' કરનારા જ હમણાં બે દિવસ વરસાદ ન મોકલતો-સાચવી લે જે. જેનું ઘાબું ચણાયું હોય એને પાણી ન છાંટવું પડે એટલે 'વરસાદ' મોકલવાની પ્રાર્થના કરે - લગ્નપ્રસંગ હોય ને કોઇ નિકટનું સગું આઇસીયુમાં હોય ત્યારે 'બે દિવસ રહીને જાય' એવી પ્રાર્થના થાય. આપણે ભગવાનને પણ 'દ્વિધા'માં મૂકી દઇએ છીએ. શું કરું ને શું ન કરું?

એક આવા ભક્તને ચારધામ યાત્રામાં જવાનું કોઇને કોઇ કારણથી ઠેલાતું હતું. ક્યારેક વરસાદ-વાવાઝોડાં-આતંકનો ભય જેવાં કારણે - મોકુફ રહેતું હતું. આ વર્ષે નક્કી કર્યું ત્યાં સ્કૂટર પરથી સ્લીપ થઇ ગયા.

યાત્રા સંઘવાળાનો ફોન આવ્યો. ભગતજી આ વર્ષે આપણો સંઘ સો ટકા ચારધામ જવાનો છે તમે તૈયાર થઇ જજો!

ભગત કહે - ના, ભાઇ હવે બહુ મોડું થઇ ગયું છે વળી મેં તો ભગવાનને આ વર્ષે વરસાદ-વાવાઝોડા જે મોકલવું હોય તે મોકલી દેજે - હું આવતે વર્ષે યાત્રામાં આવીશ...

Email - sureshchandrabhatt18@gmail.com

# ધ્યાન દઇને સાંભળવું, સંભાળીને બોલવું

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

બાળક મોટું થતું જાય અને બોલતાં ન શીખે ત્યારે સ્વાભાવિક રીતે જ મા-બાપ માટે એ ચિંતાનો વિષય બની જાય છે. દાક્તરી તપાસ કરાવવામાં આવે ત્યારે તપાસના અંતે ઘણી વાર એવું જાણવા મળે છે કે બાળક સાંભળતું નથી, બહેરું છે અને એટલે બોલતાં શીખતું નથી. બાળકને જીભની તકલીફ નથી, પરંતુ કાનની તકલીફ છે. બાળકને બોલતું કરવા માટે નિષ્ણાત ડોક્ટર એના કાનની ટ્રીટમેન્ટ કરે છે, જીભની નહી. સામાન્ય રીતે 'બોલવાની' વાતને આપણે જેટલું મહત્ત્વ આપીએ છીએ એટલું મહત્ત્વ 'સાંભળવાની' વાતને આપતાં નથી. સારા વક્તા બનવા માટે પણ સારા શ્રોતા બનવું ખૂબ જ જરૂરી છે.

આપણે જાણીએ છીએ કે ગુજરાતમાં જ જન્મેલા ગુજરાતીઓની બોલી પણ અલગ અલગ હોય છે. ચરોતરમાં વસતા, સૌરાષ્ટ્રમાં વસતા કે ઉત્તર ગુજરાતમાં વસતા ગુજરાતીઓની બોલી, ઉચ્ચારો અને લઢણ એકબીજાથી તદ્દન અલગ હોય છે, કારણ કે બાળક પોતાના ઘર અને વિસ્તારમાં બોલાતી બોલીને સાંભળીને, એની નકલ કરીને બોલતાં શીખે છે. સામાન્ય રીતે બોલવાની ક્રિયા સાંભળવાની ક્રિયાની અનુષંગી ક્રિયા છે, પરંતુ બાળક સારી રીતે સાંભળતાં શીખે એ માટે આપણે જરાય જહેમત લેતા હોતા નથી.

સદીઓમાં પણ ભાગ્યે જ પાકે એવી મહાન ગાયિકા લતા મંગેશકરની કારકિર્દીની શરૂઆતની વાત છે. તેઓ મરાઠી છે એટલે એમની ગાયકીમાં સ્વાભાવિક રીતે જ મરાઠી ઉચ્ચારોની લઢણ ક્યારેક આવી જતી. દિલીપકુમારે એક વખત ટીકા કરતાં કહ્યું કે લતાજીના ઉર્દૂ ઉચ્ચારો બરાબર નથી. લતા માટે એટલી ટકોર પૂરતી હતી. પછીના સમયમાં એમણે ઉર્દૂ ઉચ્ચારો ઉપર ઉર્દૂભાષી જેટલો જ કાબૂ મેળવી લીધો. સાંભળી-સાંભળીને. આપણે જાણીએ છીએ કે 'મોગલે આઝમ' થી લઈને 'પાકિઝા' જેવી ફિલ્મોની સફળતામાં એમનાં ગાયેલાં ગીતોનો ઘણો મોટો ફાળો રહેલો છે. માત્ર બોલવાથી નહી પણ સાંભળવાની કળા હસ્તગત કરવાથી જ લતા મંગેશકર થઈ શકાય છે. તો શું સાંભળતાં શીખવાની કલાને સાવ સામાન્ય બાબત ગણી શકાય?

એરિસ્ટોટલે કહ્યું છે કે, 'ઓછું બોલવા જેવા સહેલા કામના ફાયદા ઘણા વધારે છે, પરંતુ કેટલાકને સાંભળવાનું બિલકુલ ગમતું નથી.' ધ્યાન દઈને સાંભળતાં શીખવા માટે પણ તાલીમની જરૂર પડે છે. ધ્યાનથી સાંભળવું એ કોઈ કુદરતી બક્ષિસ કે શક્તિ નથી, એ મનુષ્યે કેળવવો પડે એવો સંસ્કાર છે. ધ્યાનથી સાંભળીને,જરૂરિયાત જેટલું જ બોલનાર વ્યક્તિ નિર્વિવાદ રીતે એક સંસ્કારી મનુષ્ય હોય છે.

તમે જયારે ધ્યાનથી સાંભળો છો ત્યારે બીજાને આનંદ આપી શકો છો, અનેક મુશ્કેલીઓ અને ગેરસમજમાંથી બચી શકો છો. બીજાના દૃષ્ટિબિંદુને સમજીને વધારે સલૂકાઈથી જીવી શકો છો.

આમ છતાં, ધ્યાનથી સાંભળવાનો અર્થ એવો નથી કે સામી વ્યક્તિ જે કંઈ કહે તે બધું જ સ્વીકારી લેવું. કાનમાં જે કંઈ રેડાય તેમાંથી કચરો દૂર કરતા રહેવાની સતત તકેદારી તો રાખવાની જ છે. જાહેરખબરોમાં જે કંઈ કહેવાય, ભાષણોમાં જે કંઈ બોલાય એ બધું કંઈ સ્વીકારી લેવા જેવું હોતું નથી. તમારી રીતે એમાંથી તારવણી કરતા રહેજો.

જે માણસો વારંવાર સોગંદ ખાતા હોય, સંસ્કૃતિ અને આદર્શોની ઠાલી ઠાલી વાતો કરતા હોય, સેવાનાં, માનવતનાં, શિસ્તનાં માત્ર બણગાં ફૂંકતા હોય, પોતાની વાતમાં મોટા મોટા ભારે શબ્દો વાપરતા હોય એવા લોકોની વાતોથી પણ ચેતતા રહેજો અને જયારે બીજાની વાત સાંભળો ત્યારે પોતાના પૂર્વગ્રહોથી તો ખાસ ચેતતા રહેજો. ધ્યાન દઈને સાંભળવાની ટેવનું જેટલું મહત્ત્વ છે એટલું જ મહત્ત્વ સંભાળીને બોલવાની ટેવનું છે. બાળપણથી જ એની કેળવણીની જરૂર છે. આપણે જાણીએ છીએ કે બહુ બોલનાર વ્યક્તિને ગળાના અને સ્વરપેટીના રોગો થાય છે. ગળામાં ફોડલીઓ થઈ આવવી, ગળું આવી જવું કે અવાજ બેસી જવો એ ભાષણો કરનાર કે વધુપડતું બોલનાર શિક્ષકો કે વકીલો માટે સામાન્ય હોય છે. અંગ્રેજીમાં ગળાની આવી સ્થિતિ માટે 'સ્પીકર્સ થ્રોટ' શબ્દ વપરાય છે. એ શબ્દમાં ઘણું આવી જાય છે.

નિષ્ણાત ડોક્ટરોએ પ્રયોગ કરીને તારણ કાઢયું છે કે બોલનાર વ્યક્તિને હાઈપર એસિડિટી અને હોજરીમાં અલ્સર થાય છે અને એથીયે આઘાતજનક વાત તો એ છે કે બહુ બોલનાર વ્યક્તિઓને લોહીનું ચું દબાણ બીજા અનેક રોગોને જન્મ આપે છે. એને લીધે હૃદયને અને કિડનીને નુકસાન થાય છે, જેથી શરીરના બીજા અવયવોને પણ નુકસાન થાય છે. શરીરના 'વાઇટલ ઓર્ગન્સ' - ખૂબ જ મહત્ત્વનાં અંગોમાં ફેફસાં, યકૃત, મગજ, હૃદય, કિડની આવે છે. જેમની કિડનીમાં ખરાબી થઈ હોય, જેમને પેરાલિસિસ સ્ટ્રોક, હૃદયરોગનો હુમલો આવ્યો હોય એવા દર્દીઓમાં નેવું ટકા દર્દીઓ લોહીના ચા દબાણથી પીડાતા હોય છે.

લોહીના ચા દબાણ માટે અનેક કારણો છે, પરંતુ બહુ બોલનારનું બ્લડપ્રેશર ચું જાય છે એ સંશોધન એના વધુ પડતા બોલવા સામે લાલબત્તી ધરે છે. જેમ્સ લીન્ચ અને તેમના સહકાર્યકરોએ કરેલા પ્રયોગ પરથી એવું તારણ નીકળ્યું છે કે વાતચીત કરતી વખતે વ્યક્તિનું બ્લડપ્રેશર અચૂકપણે વધે છે, પરંતુ સાંભળતી વખતે ફરી પ્રેશર ઓછું થઈ જાય છે. વ્યક્તિને પોતાને એની ખબર પણ પડતી નથી, પરંતુ દરેક વ્યક્તિની બાબતમાં આવું બને છે. બ્લડપ્રેશરમાં થતી આ સામાન્ય વધઘટ વ્યક્તિને નુકસાન કરતી નથી, પરંતુ વ્યક્તિ જયારે ઉશ્કેરાઈને દલીલો કરે છે, બીજાની વાત સાંભળવાને બદલે વારંવાર વચ્ચે બોલે કે, ખૂબ જ લાગણીશીલ થઈને બોલે છે ત્યારે એમના લોહીનું દબાણ અવારનવાર જોખમી સરહદ સુધી પહોંચી જાય છે અને એમને હૃદયરોગના હુમલાની અથવા તો સ્ટ્રોકની શક્યતાઓ વધી જાય છે.

એથી લટું, માણસ જયારે બીજાની વાત સાંભળે છે ત્યારે એનું લોહીનું દબાણ ઘટે છે. સંશોધકોએ જુદી જુદી વ્યક્તિઓને જુદી જુદી સ્થિતિમાં રાખીને બ્લડપ્રેશરમાં થતો આવો ફેરફાર નોંધ્યો છે.

આ પ્રયોગોનો સાર એ છે કે, સતત બોલવું, ઉત્તેજિત થવું, ઉશ્કેરાઈને બોલવું એ આરોગ્ય માટે અત્યંત નુકસાનકારક છે.

શાંત રહેવું, બીજાની વાત ધ્યાનથી સાંભળવી, મૌન રહેવું, ઓછું બોલવું એ આરોગ્ય માટે ફાયદાકારક છે.

કોઈએ કહ્યું છે કે ઈશ્વરે આપણને બે કાન આપ્યા છે અને એક જ જીભ આપી છે. એટલે સાંભળવા કરતાં અડધું જ બોલવું, પરંતુ એ પ્રમાણે ભાગ્યે જ આપણે વર્તીએ છીએ. સાંભળવા કરતાં આપણે બમણું બોલીએ છીએ. વિશ્વની અજાયબીઓ વચ્ચે જયારે બાળક આવી પડે છે ત્યારે તે અમુક સમય સુધી તો જોવા, સાંભળવામાં ખૂબ જ સજાગ રહે છે, પરંતુ એની ઉંમર વધવા સાથે એની બેદરકારી વધતી જાય છે.

બીજી એક મહત્ત્વની વાત એ પણ છે કે આપણે કોઈ એક ક્ષણે એક જ ક્રિયા કરતા હોતા નથી, પરંતુ એકસાથે ઘણું બધું કરી રજ્ઝા હોઈએ છીએ. જમતી વખતે માત્ર સ્વાદ જ માણી રજ્ઝા હોઈએ એવું બનતું નથી. એટલે આપણે જોવાનું હોય ત્યારે સારી રીતે જોવા માટેની, સાંભળવું હોય ત્યારે બરાબર સાંભળવાની કે બોલતાં હોઈએ ત્યારે સારી રીતે બોલવાની તાલીમ લેવી પડે છે.

ધ્યાન દઈને સાંભળવાની તાલીમ અને સંભાળીને જરૂરિયાત જેટલું જ બોલવાની તાલીમ આપણને ઘણી મુશ્કેલીઓથી બચાવે છે.

પૂરતું ધ્યાન આપ્યા વિના જ કે કોઈક વસ્તુની કિંમત બરાબર સાંભળ્યા વિના જ આપણે એ ખરીદી લઈએ છીએ, પછી કેવી મુશ્કેલી ભી થાય છે? નોકરીમાં બોસની વાત બરાબર સાંભળી ન હોય ત્યારે કેવી મુસીબતોનો સામનો કરવો પડે છે? અધૂરું કે ઓછું સાંભળવાથી સારા સંબંધોમાં કેવાં શંકાનાં બીજ વવાઈ જાય છે?

ઉતાવળે બોલ્યા વિના આપણે રહી શકતા નથી અને સાંભળવાની ટેવ પાડવા ટેવાયેલાં નથી.

એટલું જરૂર યાદ રાખજો કે ધ્યાન દઈને સાંભળવાની અને સંભાળીને બોલવાની ટેવ આપણાં પોતાનાં સુખ અને સફળતા માટે જરૂરી હોય છે.

# સમય વિતવાની સાથે 'લીયો' નાના બચ્ચામાંથી મોટો સિંહ થઇ ગયો હતો, તેનું આજનું પરાક્રમ મુલાકાતીઓના છક્કા છોડાવનારૂં હતું, તો અમારા સૌ માટે પણ વિચાર કરતા કરી મુકે તેવું હતું

## હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

બપોરનો સમય હતો. સૂરજ માથે આવી ગયો હતો. પંખીઓ માળામાં લપાઈને બેસી ગયાં હતા. સામાન્ય દિવસ હોઇ મુલાકાતીઓની સંખ્યા આજે વધુ નહોતી. ગરમીને કારણે નીલ ગાયનું ટોળું છાયાદાર ઘટાની નીચે આવી ગયું હતું તો વાંદરા પણ ઝાડની ડાળો પર જંપીને બેસી ગયા હતા. વાતાવરણ એકદમ શાંત હતું ત્યાં વિશાળ પક્ષીગૃહ તરફથી થોડાંક મુલાકાતીઓને લગભગ દોડતાં હોય એવી સ્થિતિમાં આવતાં જોયાં તેમાં સ્ત્રીઓ અને બાલકો પણ હતાં. શ્વાસ ચડી જવા છતાં દોડવાનો પ્રયત્ન કરતાં હતા. શરીર પરસેવે રેબઝેબ થયેલા હતા અને ચહેરાઓ પર ભય છવાયેલો હતો. કંઇક બન્યું હોવાની આશંકાથી મેં તેમને પુછ્યું 'શું થયું છે? કેમ ભાગો છો?'

'સિંહ બહાર નીકળી ગયો છે.'

'ના, હોય?'

'હાં અમે સગી અમારી આંખે જોઇને આવીએ છીએ.' એક સ્ત્રીએ કહ્યું.

'મમ્મી મારે સિંહ જોવો છે.' સ્ત્રીએ આંગળીએ વળગાડેલું બાળક રડતું રડતું કહેતું હતું.

'તારો બાપ પાંજરામાં નથી બહાર નીકળી ગયો છે. ખાઇ જશે.' છોકરા પર ગુસ્સે થતાં એ સ્ત્રીએ તેને રીતસર ખેંચ્યો અને ભાગવા લાગી.

મેં કંઇ વધુ વિચાર્યા પહેલાં રાજદૂતને કીક મારી સ્ટાર્ટ થતાં સીધો સિંહના પાંજરા તરફ હંકારી મૂકી. રસ્તામાં બીજાં પણ બે ત્રણ મુલાકાતી કુટુંબોને ભાગતાં આવતાં જોયા. મને પરિસ્થિતિની ભયાનકતાનો ખ્યાલ આવી ગયો. બાજુમાં આવેલ ઈન્દ્રોડા ગામમાં પણ બુમાબુમ અને ચીસાચીસ થતી હતી. હું તો સીધો સિંહના પાંજરા તરફ હંકારી ગયો.

દીપડા અને સિંહનું પાજરું બાજુમાં જ છે. મેં જોયું તો જીમ્મી દીપડો શાંત તેના પાંજરામાં બેઠો હતો. ત્યાં એનીમલ કીપર સરદારનો અવાજ સંભળાયો. 'બચાવો... બચાવો...'

હું ચારેબાજુ નજર ફેરવવા લાગ્યો. ત્યાં મારી નજર સિંહની પાંજરાની આગળના ભાગે બનાવેલ ઓરડી પર પડી. હાં, સરદાર તેની ઉપર ચડેલો હતો.

'શું થયું?'

'નીચે જૂઓ....' તે ભયનો માર્યો બોલ્યો.

નીચે જોયું તો સિંહ મારી તરફ જોતો હતો. હાં, એ તેના પિંજરાની બહાર હતો પણ દીપડા અને સિંહના પાંજરાની વચ્ચે ચેનલીંકમાં હતો. વળી રીસેશનો ટાઇમ હોવાથી બંને પાંજરાની સામેના ભાગને આવરી લેતી ચેનલીંગની વચ્ચે બાજુના દરવાજા બંધ હતા. તેની વચ્ચે સિંહ રૂઆબથી આંટા મારતો હતો. સામેની તરફ નજર કરી તો પાર્કકિપર નુર મહંમદ ઠેબા અને રસીકભાઇ ઉભેલા જણાયા. હું એ તરફ ગયો. હવે તેમની પાસેથી મને જાણવા મળ્યું કે ચિંતાનું કોઇ કારણ નથી. એક રીતે જોઇએ તો સિંહ એક પાંજરામાંથી વચ્ચેની ખુલ્લી જગ્યામાં આવી ગયો હતો, પણ તેની બંને બાજુના દરવાજા બંધ હતા એટલે તે બહાર નીકળી જવાની શક્યતા નહીવત હતી. હાં એ દરવાજાઓની મજબૂતાઇ ન હોવાથી જો પ્રયત્ન કરે તો જરૂરથી બહાર નીકળી શકે એમ હતું પણ સિંહના વર્તનથી એવું કંઇ કરે એમ લાગતું ન હતું. તે શાંત હતો અને પાંજરામાં જ હોય એમ પોતે નવી જગ્યામાં આવી ગયો હોઇ તેનું અવલોકન કરતો હતો.

'શું થયું, લીયો બહાર કઇ રીતે આવ્યો?' મેં પ્રશ્ન કર્યો.

'અમે હમણાં જ આવ્યા છીએ. પણ જૂઓ પાસે પાંજરામાં ચેનલીંગ કોપીંગ કરીને દિવાલ સાથે જોડેલ હતી એ તોડીને બહાર આવી ગયો લાગે છે.' રસીકભાઇએ કહ્યું.

'હાં બરાબર'

આ સિંહનું નામ પ્રકૃતિ ઉદ્યાનમાં લાવ્યો ત્યારે 'લીયો' રાખવામાં આવ્યું હતું. અહીં લાવ્યા ત્યારે તો એ નાનું બચ્ચું 'કબ' હતું. એ એશિયાટીક સિંહણ અને આફ્રિકન સિંહનું કોસબીડ સંતાન હતું. તે અહીં કંઇ રીતે આવ્યું તેની વાત પણ ખુબ રસપ્રદ છે. બન્યું હતું એવું કે વડોદરાના કોઇ શ્રીમંત પરિવારના બાળકનો જન્મ દિવસ હતો. એને યાદગાર બનાવવા માટે પોતાના ફાર્મ હાઉસ પર તેમને મોટી પાર્ટીનું આયોજન કરેલું તેમાં આકર્ષણ અને રોમાંચ ઉમેરવા આ સિંહબાળને લાવેલા. તે સમયે ભરૂચમાં નેશનલ સર્કસ ચાલતું હતું. તેમાં સિંહણ આ બચ્ચાને જન્મ આપ્યે માંડ બે-ત્રણ મહિના થયા હતા.

સિંહ બાળને આ રીતે લાવીને તેનું જાહેરમાં પ્રદર્શન કરાતાં વડોદરાની વન્યજીવન પ્રેમીઓની સ્વૈચ્છિક સંસ્થાને જાણ થતાં તેમને વનવિભાગને જાણ કરી તેથી બચ્ચાંનો કબજો મેળવી તેને અહીં લઇ આવવામાં આવેલું. ત્યારે બધાએ તેને 'લીયો' જ પડી ગયું. પ્લાસ્ટિકની પાણીની ખાલી બોટલ આપીએ એટલે મોંમાં દબાવીને દોડાદોડ કરતું દાંતથી બોટલને દબાવે અને કડ.. કડ.. અવાજ થાય એ તેને બહુ ગમે તેથી રંગમાં આવી જતું. શરૂઆતમાં તેને બોટલથી દૂધ આપતા પછી ધીરેધીરે ખોરાક પર ચડી ગયેલ.

સમય વિતવાની સાથે 'લીયો' નાના બચ્ચામાંથી મોટો સિંહ થઇ ગયો હતો. તેનું આજનું પરાક્રમ મુલાકાતીઓના છક્કા છોડાવનારું હતું. તો અમારા સૌ માટે પણ વિચાર કરતા કરી મુકે તેવું હતું.

પ્રકૃતિ ઉદ્યાનના બંને પાર્ક કીપરો વર્ષોના અનુભવી હતા. તેમાં પણ રસીકભાઇ પટેલ તો ગમે ત્યાં વન્યપ્રાણી નીકળ્યું હોય તો તેને બેભાન કરી પકડવામાં પાવરધા હતા. ઘણી વખત વાંદરા, રીંછ, નીલ ગાય, દીપડાં જેવા વન્યપ્રાણીઓને પકડવાનો તેમને અનુભવ હતો. 'લીયો' ને પાંજરામાં પાછો લેવાની યોજના બની ગઇ હતી. એક સસલું લાવવામાં આવ્યું. તેને સિંહના ખાલી પાંજરામાં મુકવાનું હતું. તે પહેલાં સિંહ બહાર નીકળી ન જાય તેની સાવચેતી પણ જરૂરી હતી. તેથી આઠ-દસ વન્યપ્રાણીઓ સાથે કામ કરતા પાર્કના માણસોને લાકડીઓ લઇને બોલાવી લેવામાં આવ્યા હતા. એ બધા પોતપોતાની પોઝીશન લઇને પાંજરાની ચાર બાજુ ઊભા રહી ગયા હતા. જેથી કોઇ પણ તરફથી સિંહ બહાર નીકળવા પ્રયત્ન કરે તો હાંકોટા કરી તેમજ લાકડી ઊગામી તેને રોકી શકાય. અમે બધા ટેન્શનમાં હતા પણ 'લીયો' તો શાંત હતો. તેને તો જાણે કે કંઇ બન્યું જ નથી એમ લાગતું હતું.

હવે રસીકભાઇએ તેને પાંજરાની સામેની બાજુએ બોલાવ્યો. 'લીયો' એ તરફ ચાલતો ચાલતો જવા લાગ્યો. એટલે મોકાનો લાભ લઇ બીજી બાજુનો દરવાજો સહેજ ખોલીને નુર મહંમદે સિંહના પાંજરામાં સસલાને છોડી મુક્યું. અને પછી બહાર આવી સહેજ અવાજ કર્યો. 'લીયો' સસલાંને જોઇ ગયો તે એકદમ ભાગતો સસલા તરફ આગળ વધ્યો. જયાંથી પાંજરું તોડીને બહાર નીકળ્યો હતો ત્યાં જ માથું ભરાવીને જગ્યા કરી પાંજરામાં ગયો.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

# સિત્તેર વર્ષ પછી પણ બલદેવભાઇ ઓઝા પ્રવૃત્ત છે, સમાજનું કાર્ય કરે છે, નિઃસ્વાર્થ ભાવે સેવા કર્યા કરે છે

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા



(ગતાંકથી આગળ....)

ગણિકાઓ અને હિજડા તો ઠીક પરંતુ અન્ડર-વર્લ્ડનાં જાહેર ગુન્હેગારોને રાજકીય પાર્ટી રચવાની ચૂંટણી કમિશન દ્વારા મળતી છૂટનું ચિત્રણ કરીને આપે દેશનાં ભાવિ અંગે ખતરાની ઘંટડી વગાડી છે. સરકારને બચાવવા માટે એમ.પી. પેકેજ હેઠલ સંસદ સંભ્યોને જે બેસુમાર સુખ-સુવિધાની લ્હાણી કરવામાં આવી છે તે વાંચકોનાં દિલ-દિમાગમાં કંપારી છૂટાવે છે.

રાજકારણીઓએ ઊભા કરેલાં આવા અંધાધૂંધીભર્યા વાતાવરણ વચ્ચે એક શક્તિશાળી રાષ્ટ્રપ્રમુખ દ્વારા તમામ સત્તા હસ્તગત કરીને વિવિધ પગલાં દ્વારા, દેશમાં રામરાજયની સ્થાપના કરવા સુધીની સીલસીલાબંધ વિગતો આપીને આપે દેશનાં કરોડો હતાશ લોકોનાં તૃપ્ત હૈયાને ટાઢક અને શાંતા આપનારું નિમિત્ત પુરું પાડ્યું છે.

આપનાં આ મહત્વાકાંક્ષી સાહિત્ય રચના અંગે તાજેતરમાં ઘટેલી એક પ્રેરણાદાયી ઘટનાની આપને જાણ કરતા પ્રકાશક તરીકે મને આનંદ અને ગૌરવ થાય છે.

તા. ૧૧-૦૧-૨૦૦૭ને સોમવારે રાજકોટ ખાતે ગુર્જર પ્રજાપતિ સમાજે તેઓને જ્ઞાતિ રત્નનું એક અદકું સન્માન બક્ષ્યું છે. પ્રમુખ જયંતિભાઇ ચૌહાણ, મંત્રી અરવિંદભાઇ ઝીંઝુવાડીયાએ નીચે પ્રમાણેની વિગતે ઓઝાને સન્માન્યા હતા :

'સુરેન્દ્રનગર જિલ્લાનાં ધ્રાંગધ્રા ગામમાં એક સંત પરિવારમાં આપનો જન્મ થયો. ઉપલેટા તાલુકાનાં ખાખીજાળીયા મુકામે આવેલા મોજેશ્વર મહાદેવનાં પ્રાચીન આશ્રમમાં પૂજ્ય સત્નામ બાપૂ ૨૨ વર્ષ સુધી મહંતની ગાદી પર બિરાજમાન હતા. આ તપસ્વી સંત આપનાં સાંસારિક મોટાભાઇ હતા. વતન માટે ઘનીષ્ઠ સંબંધો જાળવી રાખીને નિવૃત્તિ બાદ આપે રાજકોટને કાર્યક્ષેત્ર બનાવેલ છે.'

રાજયનાં ઉદ્યોત ખાતામાં મેનેજર જેવા પ્રતિષ્ઠિત પદ પર આપે વર્ષો સુધી ફરજ બજાવી છે. છેલ્લે ડેપ્યુટી ડાયરેકટર જેવી કલાસ વન ઓફિસરની જવાબદારી સંભાળીને ૧૯૯૯માં માનભેર નિવૃત્ત થયા. સરકારી સેવાની સમગ્ર કારકિર્દી દરમિયાન આપે ચૂસ્ત રીતે સત્ય અને નીતિધર્મનું પાલન કર્યું છે. ઉદ્યોગ વિભાગમાં મેનેજરની જવાબદારી ભરી ફરજ નીભાવતી વેળા, ડગલેને પગલે પ્રામાણિકતાની કસોટી કરે એવા અવરોધો પેદા થયા હતા. પરંતુ હર એક પ્રસંગે પુરી નિષ્ઠા અને આત્મબળને સહારે આપે સત્યને જીતાડ્યું છે. સરકારી સેવામાં હક્ક સિવાયની કમાઇને હળાહળ ઝેર સમાન માનતા આપે, ભ્રષ્ટાચારને તાબે નહીં થવા માટે જે સાહસ કર્યું તેની વાતો સાંભળનારને આજનાં અવસરવાદી જમાનામાં દંતકથા જેવી જ લાગે છે. પ્રામાણિકતાની વાત આવે ત્યારે સરકાર તથા સમાજમાં આપનું નામ ગૌરવભેર લેવામાં આવ્યું છે.

વહીવટની સાથોસાથ સાહિત્યનાં ક્ષેત્રે પણ આપે નોંધપાત્ર સફળતા મેળવી છે. નીતિ ધર્મ પાળવાથી જીવનમાં આપને જે કુદરતી લાભો મળ્યા છે, તેવા જ લાભ સૌ મેળવે એવી શુભહેતુસર વ્યવહારિક જીવનમાં નીતિધર્મનું મહત્ત્વ સમજાવતાં ચાર પુસ્તકો પ્રકાશિત કર્યા છે. રાજકોટની આંતર-રાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી પ્રકાશન સંસ્થા દ્વારા 'ભારતની વર્તમાન અને ભાવી રાજનીતિ' ઉપર લખાયેલ આપનું ૫૭૫ પાનાનું દળદાર પુસ્તક પ્રકાશિત થયાની આ પ્રથમ ઘટના છે. આપની આ સિદ્ધિ માટે પ્રજાપતિ સમાજ ગૌરવ અનુભવે છે. જ્ઞાતિનાં મુખપત્ર 'પ્રજાપતિ સમાચાર' માં નિયમિત રૂપે પ્રકાશિત થતાં આપના સમાજ લક્ષી ચિંતન લેખોને ખુબ સારો આવકાર મળ્યો છે.

આપનાં શિક્ષણ અને સંસ્કારોનો વારસો સંતાનોને પણ મળ્યો છે. ત્રણ સંતાન પૈકી બે પુત્રી ગ્રેજ્યુએટ છે. પુત્ર ડૉ. હરેશ ઓઝા ડૉકટર ઓફ ફીલોસોફીની ડીગ્રી મેળવીને હાલ રાજકોટની સાયન્સ કૉલેજમાં પ્રોફેસર તરીકે સેવાઓ આપે છે.

ઉચ્ચ અધિકારી હોવા છતાં સૌ જ્ઞાતિ બંધુઓ સાથે આપ પુરી નમ્રતાથી એકરસ બની જાઓ છો. રાજકોટમાં વસતા તમામ ગોળમાં પ્રજાપતિ સાથે ઘનિષ્ઠ સંબંધો કેળવીને આપ પ્રજાપતિ એકતા માટે સેતુરૂપ બન્યા છો. સત્ય અને નીતિ ધર્મ આપનો જીવનમંત્ર હોય એમ આપના સંપર્કમાં આવનાર હરકોઇને નીતિ ધર્મનું મહત્ત્વ સમજાવવાનું ચૂકતા નથી. એક મિશનની રીતે વ્યવહારિક અને કૌટુંબિક ક્ષેત્રમાં પણ નીતિ ધર્મનું ચૂસ્ત પાલન કરીને આપ ચૂપચાપ સત્યધર્મનો પ્રસાર કરી રહ્યા છો.

સાહિત્યકાર તરીકે આપ ભાવુક અને લાગણીશીલ છો. પરંતુ અસત્ય સામે લડવાની વાત આવે ત્યારે આપ મક્કમ બની જાઓ છો. ગમે તેટલી પ્રતિષ્ઠા મળતી હોય છતાં આપે કદી ખોટાને સાથ આપ્